ધો. ૧૦માં અંગ્રેજીનું પેપર સરળ નિકળતા પરીક્ષાર્થીઓ ખુશહાલ

બુક્સ અવર બેસ્ટ ફ્રેન્ડ અને માય ફેવરીટ ફેસ્ટીવલ નિબંધ પૂછાયા : ચાર ગુણના પ્રશ્નોએ વિદ્યાર્થીઓને મુંઝાવ્યા

ગાંધીનગર, તા. ૧૫

ધો. ૧૦માં અંગ્રેજીનું પ્રશ્નપત્ર સરળ નિકળતા વિદ્યાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો. અંગ્રેજીના પેપરમાં માય ફેવરીટ ફેસ્ટીવલ અને બુક્સ અવર બેસ્ટ ફ્રેન્ડનો નિબંધ પૂછાયો હતો. પ્રશ્નપત્ર બોર્ડની પેપર સ્ટાઈલ મુજબ અને પાઠ્યપુસ્તક આધારિત હતું.

ધો. ૧૦માં બોર્ડ પરીક્ષાના અંતે આજે અંગ્રેજીના મહત્વના વિષયની પરીક્ષા લેવાઈ હતી. જિલ્લામાંથી ૨૩૧૯૯ વિદ્યાર્થીઓએ પરીક્ષામાં હાજરી આપી હતી. જ્યારે ૪૧૮ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. ધો. ૧૦ની બોર્ડ પરીક્ષાના પ્રારંભે ગુજરાતીના સરળ પ્રશ્નપત્ર બાદ વિજ્ઞાન, ગણિત અને સામાજિક વિજ્ઞાનનું પેપર પ્રમાણમાં અઘરૂ નિકળતા પરીક્ષાર્થીઓ મુંઝવણમાં મુકાયા હતા. જ્યારે ગણિત, વિજ્ઞાનના મહત્વના પ્રશ્નપત્ર બાદ વિદ્યાર્થીઓ અને વાલીઓની મીટ અંગ્રેજીના પ્રશ્નપત્ર તરફ મંડરાઈ હતી. જ્યારે આજે અંગ્રેજીનું પ્રશ્નપત્ર સરળ નિકળતા વિદ્યાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો. વિષય તજજ્ઞ અરવિંદ વાઘરોડીયાના જણાવ્યા મુજબ અંગ્રેજીનું પ્રશ્નપત્ર સરળ હતું. બોર્ડની પેપર સ્ટાઈલ અને પાઠ્ય પુસ્તક આધારિત પ્રશ્નપત્ર હોવાથી પરીક્ષાર્થીઓમાં ખુશી પ્રવર્તી હતી. પ્રશ્નપત્રમાં બુક્સ અવર બેસ્ટ ફ્રેન્ડ તેમજ માય ફેવરીટ ફેસ્ટીવલ નિબંધ પુછાયો હતો. આ ઉપરાંત 'ટીચર્સ ડે' અંગેનો અહેવાલ પણ પુછાયો હતો. જ્યારે પત્રલેખનમાં એસ.એસ.સી. પરીક્ષાની તૈયારી તેમજ અભ્યાસ અંગે બેદરકારી સંદર્ભે પત્રલેખનનો પ્રશ્ન પુછાયો હતો. પેપર એકંદરે સરળ હતું પરંતુ વિભાગ-બ માં ચાર ગુણના પ્રશ્નો પાઠ્યપુસ્તક આધારિત ન હતા.

રાંધેજા પાસે દૂધના ટેન્કરની ટક્કરે કારચાલકનું મૃત્યુ

કુકરવાડાના વૃદ્ધ ઈન્ડીકા ચાલકને ગંભીર ઈજાઓ થતાં ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરૂ ઉડી ગયા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર નજીક રાંધેજા ચોકડી પાસે સાંજના અરસામાં ઈન્ડીકા કાર અને દૂધના ટેન્કર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ઈન્ડીકા કારના ચાલકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. તો બીજી તરફ ટેન્કરની ટક્કરથી કારના ફુરચે ફુરચા ઉડી ગયા હતા. પેથાપુર પોલીસે આ અંગે ગુનો દાખલ કરી મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી તપાસનો દોર શરૂ કર્યો છે.

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકામાં આવેલા કુકરવાડા ગામના રહેવાસી ૬૦ વર્ષિય ચંદુભાઈ શીવાભાઈ પટેલ આજે સાંજે માણસા ગાંધીનગર હાઈવે પરથી પોતાની ઈન્ડીકા કાર નં. જીજે-૨-આર-૪૭૦૯ લઈને પસાર થઈ રહ્યા હતા તે દરમ્યાન બેફામ ગતિએ આ માર્ગ પર નીકળેલા દૂધના ટેન્કરે ઈન્ડીકા કાર સાથે અથડાવી દેતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ઈન્ડીકા કાર ચાલક ચંદુભાઈ પટેલને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેને પગલે તેમનું સ્થળ પર જ પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. પોલીસને આ ઘટનાની જાણ થતાં પેથાપુર પોલીસ સ્થળ પર દોડી ગઈ હતી અને વૃદ્ધ કારચાલકનો મૃતદેહ પી.એમ. માટે મોકલી દૂધના ટેન્કરના ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને ફરાર ટેન્કર ચાલકની શોધખોળ શરૂ કરી છે.

દહેગામ નગરપાલિકાની હદમાં ગેરકાયદેસર દબાણો ઉભા કરાતા લોકોમાં ઉગ્ર રોષ

દહેગામ, તા.૧૫

દહેગામ નગરપાલિકાની હદમાં આવેલ ગોમતી કોમ્પ્લેક્ષને અડીને આવેલ સુચિત તાલુકા સેવા સદનની બિલકુલ સામે જુની કૃષ્ણ સિનેમાની જગ્યામાં નીચે અને ઉપરના માળે પાકા ધાબા બાંધી અંદાજીત ૧૮ દુકાનોનાં બાંધકામની કામગીરી છેલ્લાં કેટલાક સમયથી ચાલી રહી છે. આ જગ્યાના બાંધકામ અગાઉ જેમાં શાકભાજીના ઓટલાઓ ઉંચી ભાડાની રકમથી અપાતા હતાં અને આમ ભાડાની ઊંચી રકમ ગરીબ શાકભાજી વાળાઓ પાસેથી ઉઘરાવતાં હોવાનું જાણવા મળેલ છે.

જુની કૃષ્ણ સિનેમાની જગ્યામાં જ શાકભાજીના ઓટલા હતાં. આ જગ્યાના મુળ માલિક કોણ હતાં? હાલ કોણ છે અને જેઓ હાલના માલિક કેવી રીતે બન્યાં. તેમજ ૧૫ થી ૨૦ લાખની વેચાણ કિંમતો વાળી નવીન બંધાઈ રહેલ અંદાજીત ઉપર અને નીચેની મળીને ૧૮ જેટલી બાકી ધાબા વાળી દુકાનોનું બાંધકામ કોની મહેરબાનીથી થઈ રહ્યું છે? આ બાંધકામ પૂર્વ મંજુરી પાત્ર છે કે કેમ? આ દુકાનોની કાયદેસરતા કેટલી? ઔડા અને જિલ્લા કચેરી તેમજ દહેગામ નગરપાલિકાની પૂર્વ મંજુરી મેળવાઈ છે કે કેમ? જેના પ્લાન પાસ થયા છે કે કેમ? આ વિગેરે બાબતો ખાતો નથી અને ખાવા દેતો નથી ના ગાણા ગાનાર આ અંગે તપાસ કરાવશે કે કેમ? દબાણ હટાવવાના નામે કોઈ બિલ્ડર લોબી કે ઉંચી કિંમતે વેચવામાં આવતી બંધાઈ રહેલી દુકાનોના માલિકો દ્વારા દબાણના નામે હાઉ ઉભો કરી કે ભ્રષ્ટાચારી ઉચ્ચ કક્ષાના અમલદારો સાથે મિલીભગતથી ભ્રષ્ટાચારનું આચરણ કરી દબાણો હટાવવાનો કાર્યક્રમ યોજાઈ રહ્યો હોવા અંગેનો પ્લાન જ લોક ચર્ચાનો વિષય બન્યો છે.

દહેગામના અંદાજીત ૨૦૦ ઉપરાંતની મોટી સંખ્યાના નાના વેપારીઓના ધંધા રોજગારીના દબાણો કે જે પૈકીના કોઈને પણ અડચણરૂપ ન હોય તેમ છતાં તેને હટાવવાનો વ્યવસ્થિત કાર્યક્રમ ઘડવામાં આવી રહ્યો હોવાનું ચર્ચાસ્પદ બનેલ છે. મગોડી ફાટક જવા માટે પહેલાં ફકત એકમાત્ર સ્ટેશન રોડ હતો ત્યારે આ સ્ટેશન રોડના દબાણો કોઈને પણ અડચણરૂપ ન હોવા છતાં તેમજ મગોડી ફાટક જવા માટે સાત ગરનાળા થઈ પાકો રોડ તેમજ નેહરુ ચોકડીથી નવી સિવિલ કોર્ટ પાસેથી પણ પાકા રસ્તાની સુવિધા ઉપલબ્ધ થઈ હોઈ ટ્રાફિકની સમસ્યાના કોઈ પ્રશ્ન નહીં હોવા છતાં સ્ટેશન રોડના દબાણો દુર કરવાનું જોરશોરથી ચર્ચાઈ રહ્યું છે તેની પાછળના અસલ કારણો સરકારશ્રીએ શોધવા જરુરી છે.

દહેગામ સિટિ સર્વે વાળા દબાણ હટાવવાના હાઉને વશ થતાં ન હોઈ આધાર ભૂત સુત્રોના જાણવા મળ્યા મુજબ જેઓના પગારો અટકાવવાની વાતો ઉઠતી રહી છે તેમ છતાં નાના વેપારીઓની રોજગારી

● અનુસંધાન પાના-૭ પર

કલાની સાધનાનો આનંદ મેળવતા ચિત્રકાર કૃષ્ણકાંત જોશી

ગાંધીનગર, તા.૧૫

કુદરતે માનવીને કોઈને કોઈ પ્રકારે કંઈક ને કંઈક કલા કારીગરી આપેલી જ હોય છે. જેને કુદરતી બક્ષિસ કહેવાય છે. તેવામાંથી એક ચિત્રકલા છે જે કલાથી ચિત્રકાર મિશ્રિત રંગો લઈ પોતાના વિચારોને કેનવાસ પર ઉતારી પોતાની કલાકૃતિ લોકો સમક્ષ રજુ કરે છે. ગાંધીનગરના પીઢ ચિત્રકાર કૃષ્ણકાંત જોશીએ પોતાની આખી જિંદગી ચિત્રકારીતામાં વિતાવી નાંખી છે અને આજે પણ ૮૦ વર્ષની ઉંમરે ચિત્રો દોરી કલાની સાધનાનો આનંદ અનુભવી રહ્યા છે.

ગાંધીનગર સેક્ટર-૩૦ પ્લોટ નં. ૧૫૦ સર્વોદયનગર સોસાયટીમા રહેતા અને પવિત્ર યાત્રાધામ ડાકોરમાં ઈ.સ. ૧૯૩૫માં જન્મેલા કૃષ્ણકાંત જોશીને નાનપણથી જ ચિત્ર દોરવાનો શોખ હતો. માત્ર ૧૦ વર્ષની ઉંમરે તેમણે ખુબ સરસ ચિત્રો બનાવ્યા હતા. તેઓ ડાકોરની સંસ્થાન હાઈસ્કુલમાં મેટ્રીક સુધીનો અભ્યાસ કર્યા બાદ ચિત્રકામ નો અભ્યાસ સર જે.જે. સ્કુલ ઓફ આર્ટ મુંબઈ ખાતે પૂરો કર્યો.

બાદમાં તેમણે ચિત્રો બનાવ્યા તેમાં રાજપુત્ર, મોગલ, કાંગરા, કૃષ્ણની રાસલીલા, શકુન્તલાના જીવન પ્રસંગ પર તેમજ રાજપુત પેઈન્ટીંગ, મોગલ પેઈન્ટીંગ સહિતના અનેક ચિત્રો તેમણે દોર્યા છે. પોતાની ચિત્રકલાના દમ પર અનેક પારિતોષિક તેમજ મેડલ પણ મેળવ્યા છે. બે વર્ષ ડાકોરની સંસ્થાન હાઈસ્કુલમાં ફરજ બજાવી નોકરી છોડી દીધી હતી. પોતાના મિત્ર ભાનુપ્રસાદ ત્રિવેદીની યાદમાં ૨૦ ચિત્રો ડાકોર મંદિરમાં ભેટ આપ્યા છે તેમજ વાંચન અને ચિત્ર કૃષ્ણકાંત જોશીનો અનોખો શોખ છે. હાલમાં ૮૦ વર્ષની વયે પણ તેઓ નોખા અનોખા, જાત ભાતના ચિત્રો દોરી જીવનનો આનંદ મેળવી રહ્યા છે.

આજે પેથાપુરમાં લોક ડાયરાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૫

પેથાપુર ગામમાં શિવ મહાપુરાણ કથાના વિરામ બાદ આયોજકો દ્વારા આજે તા. ૧૬મી માર્ચે ભક્તિધામ મેદાન, સોમનાથ સોસાયટી બાજુમાં, પેથાપુર ગામે રાત્રે ૮.૩૦ કલાકે ભવ્ય લોક ડાયરાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

લોક ડાયરામાં લોક ગાયક રમેશભાઈ પ્રજાપતિ, ફિલ્મ અભિનેતા અને લોક લાડીલા રતનસિંહ વાઘેલા, લોક ગાયિકા દમયંતિબેન બારોટ, સાહિત્યકાર દિપકભાઈ સાધુ, અંકિત શાહ, દિલીપદાન ગઢવી અને રાકેશભાઈ બારોટ ખાસ હાજર રહી ગ્રામજનોને અને રસિકજનોને લોક સાહિત્યનું રસપાન કરાવશે.

સે-૫-સીમાં ૧૭મીએ આનંદનો ગરબો

બહુચર મંડળના ભાવનાબેન પટેલ દ્વારા આનંદનો ગરબો ઈન્દુબેન કે. જોષીના નિવાસસ્થાને સે-૫-સી પ્લોટ નં. ૧૬૭૮/૧ ખાતે તા. ૧૭ માર્ચના રોજ બપોરે ૨ થી ૫ કલાકે રાખવામાં આવ્યો છે.

રાજસ્થાનમાં સીનીયર સીટીઝનોને બસ ભાડામાં રાહત

ગાંધીનગર, તા. ૧૫

રાજસ્થાન સરકાર દ્વારા પત્રકારો, સ્વાતંત્ર્ય સેનાની, યુદ્ધમાં શહિદ થયેલની વિધવાઓ, અનુજાતિ- જનજાતિના વિદ્યાર્થીઓ, અંધજનો, વિકલાંગ, બહેરાં, માનસિક વિકલાંગ, કેન્સર, એઈડ્સ, રાજય રાષ્ટ્રીય પારિતોષિત વિજેતા શિક્ષકો, ૬૦ વર્ષથી વધુ ઉંમરના સીનીયર સીટીઝનોને નિઃશુલ્ક બસ સેવાનો લાભ સ્માર્ટકાર્ડથી મળશે. અગાઉના તમામ કાર્ડ રદ કરેલ છે.

પાણી-ગટર વેરોના બીલો હજુ મળેલ નથી મુદત લંબાવવા માંગણી

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરમાં પાણી-ગટર વેરાના બીલો ૩૧ માર્ચ સુધી ભરવા માટેની મુદત છે. પરંતુ માર્ચની ૧૫ તારીખ સુધી નવા સેકટરોમાં બીલો મળ્યા નથી. વસાહતીઓને મોડા બીલ મળવાથી રાહતનો લાભ મળશે નહીં. પાણી-ગટરના બીલ ભરવા માટે તા. ૩૦મી એપ્રિલ સુધીની મુદત લંબાવવા સેકટર-૨ પેન્શનર મંડળ દ્વારા રજૂઆત કરી છે. પાણી-ગટરના બીલો સત્વરે મળે ને મુદત લંબાવવા માટે વસાહતીઓની માંગણી છે. સેકટર-૩ ખાતે વધુ કાઉન્ટર ખોલવાની જરૂર છે.

ગુજરાત રાજ્ય સહકારી ખાંડ ઉદ્યોગ સંઘ લિ.ની ૫૨મી વાર્ષિક સાધારણ સભાનું આયોજન ઈન્ફોસીટી કોન્ફરન્સ હોલમાં કરવામાં આવ્યું હતું. જેમાં સંઘના વરિષ્ઠ પધાદિકારીઓ અને અધિકારીઓ ઉપરાંત સંઘ સાથે સંકળાયેલા આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

બી.પી. કોલેજ ઓફ કમ્પ્યૂટર સ્ટડીઝનો વાર્ષિકોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના સેકટર-૨ ૩માં આવેલી કડી સર્વ વિદ્યાલય કેમ્પસની બી.પી. કોલેજ ઓફ કમ્પ્યૂટર સ્ટડીઝના વિદ્યાર્થીઓનો વાર્ષિકોત્સવ તાજેતરમાં ખૂબ જ હર્ષોલ્લાસ સાથે ઉજવાયો હતો. કોલેજના વિદ્યાર્થીઓને આ પ્રસંગે તેમની વિશિષ્ટ સિદ્ધિ માટે ઈનામ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. આમંત્રિત મહેમાનો અને વાલીગણે આ પ્રસંગે મોટી સંખ્યામાં હાજરી આપી વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં આવેલી ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝના બી.સી.એ. ડીપાર્ટમન્ટ દ્વારા વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને વિવિધ ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ટ્રસ્ટના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલ, વાઈસ ચેરમેન ડૉ. કનુભાઈ પટેલ, ઈન્ફોસીસ ગ્લોબલ સોલ્યુશનના ડાયરેકટર અશોકભાઈ સુર્વે, લોજીક એકેડેમીકના નિશાંત પટેલ, અશ્વિનભાઈ કોમર્સ કોલેજના ડાયરેકટર ડૉ. જે.જી. ભટ્ટ તેમજ કોમ્પ્યુટર સાયન્સના ડીન ડૉ. એન.એન. જાનીએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. વિદ્યાર્થીઓએ પણ મોટી સંખ્યામાં વાલીઓ સાથે ઉપસ્થિત રહી કાર્યક્રમનો ભરપૂર આનંદ ઉઠાવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયી બની રહ્યો હતો. વિદ્યાર્થીઓને વિવિધ પ્રવૃત્તિઓ માટે અસંખ્ય એવોર્ડસ અને ઈનામો વડે નવાજવામાં આવ્યા હતા. આ સમારોહમાં બેસ્ટ એકેડેમિક એવોર્ડ, બેસ્ટ પરફોર્મર એવોર્ડ ઈન કેરીકયુલર, બેસ્ટ સોશ્યલ કન્ટ્રીબ્યુટર, વેસ્ટ એચિવમેન્ટ, તેમજ બેસ્ટ સ્પોર્ટસ એવોર્ડ વગેરે જેવા વિવિધ એવોર્ડ આપવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓમાં પૂનમ શર્મા, ઝીલ પંડયા, વિશ્વરાજસિંહ રાઠોડ વગેરેએ એકથી વધુ એવોર્ડ જીતીને સૌના દિલ જીતી લીધા હતા. ચેરમેન વલ્લભભાઈ પટેલે સર્વ વિદ્યાર્થીઓને કેરિયર માટે શુભકામનાઓ પાઠવી હતી.

ગુજરાત રાજ્ય વન વિભાગ દ્વારા ફ્રી મેડીકલ કેમ્પનું ૧૭મીએ આયોજન

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત રાજ્ય વન વિભાગ ગાંધીનગર રેન્જ ઊર્જા દ્વારા મફત સર્વરોગ નિદાન કેમ્પ તા. ૧૭મી માર્ચ-૨૦૧૩ને રવિવારે સવારે ૯ થી ૧ કલાક દરમિયાન ગાંધીનગર જિલ્લાના વલાદ ગામની પ્રાથમિક શાળા ખાતે યોજાશે.

રોટરી ક્લબ અમદાવાદ એરપોર્ટના નિષ્ણાંત ડૉક્ટરો દ્વારા સર્વરોગ નિદાન કેમ્પમાં મફત સારવાર અને દવા આપવામાં આવશે. જરૂરીયાતમંદ દર્દીઓને નંબરના ચશ્મા મફત આપવામાં આવશે. ફ્રી મેડીકલ કેમ્પમાં ગાયનેક, નાના બાળકો, ઓર્થોપેડીક, આંખ, જનરલ ચેકઅપ, હૃદય, દાંત તથા જનરલ સર્જરી તથા ફિઝીયોથેરાપી અને પેથોલોજીની સેવા પુરી પાડવામાં આવશે. ગ્રામજનો તથા આસપાસના તેમજ જરૂરીયાતમંદ દર્દીઓને સમગ્ર કેમ્પનો નિઃશુલ્ક લાભ લેવા આયોજકો દ્વારા ખાસ જણાવાયું છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૧
સૂર્યાસ્ત : ૬.૪૬

તાપમાન

મહત્તમ : ૩૬.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૮.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૭ ટકા ● સાંજે ૨૯ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
મેરે ડેડ કી મારુતી : ૧૦.૪૫, ૧.૦૦, ૩.૧૫, ૫.૩૦, ૧૦.૧૫
કાઈ પો છે : ૧૨.૦૦, ૫.૦૦

: સ્ક્રીન-૨ :
જોલી એલએલબી : ૯.૧૫
સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૧૨.૦૦, ૫.૧૫, ૧૦.૨૫
૩-જી : ૨.૪૫, ૮.૦૦

: સ્ક્રીન-૩ :
૩-જી : ૧૦.૦૦, ૧૨.૩૦
સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૩.૦૦
ધ એટેક્સ ઑફ ૨૬/૧૧ : ૫.૪૫
જોલી એલએલબી : ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :
જોલી એલએલબી : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦

સૂર્યા, વાવોલ

સિંહણના સૌગંધ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ધ એટેક્સ ઑફ ૨૬/૧૧ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫,

: સ્ક્રીન-૨ :
જોલી એલએલબી : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :
સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૧૦.૩૦, ૩.૦૦, ૭.૩૦, ૧૦.૦૦
જોલી એલએલબી : ૧૨.૪૫, ૫.૧૫

વિરાગ, કલોલ

આખા જગથી નિરાળી મારી સાજણા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આંબેડકર હોલ

● માળી સમાજ ગાંધીનગર દ્વારા સવારે ૯.૦૦ કલાકે સામાજિક કાર્યક્રમ.

ટાઉન હોલ

● કલા ગુર્જરી ગાંધીનગર દ્વારા રાત્રે ૯.૩૦ કલાકે 'મૌસમ સૂફીયાના' સૂફી ગીત-સંગીતનો કાર્યક્રમ.

આપની આજ

મેષ : ભાગ્યવર્ધક કાર્યમાં અડચણ સંભવિત. બહારનાં ક્ષેત્રોની યાત્રા દરમ્યાન સાવધાની રાખવી. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ પ્રાપ્ત થઈ શકશે.

વૃષભ : નવા આર્થિક સ્ત્રોતો પર કાર્ય થશે. વ્યાપારિક ભાગીદારીથી લાભ પ્રાપ્ત થશે. વ્યાપારમાં નાણાંકીય મુશ્કેલીઓ ઉદ્‌ભવી શકે છે. બૌદ્ધિક હેરાનગતિની સંભાવનાઓ રહેલી છે.

મિથુન : ધૈર્યથી વ્યાપારિક કાર્યો પૂર્ણ કરવા. મિત્રો અને સ્વજનો સાથે ભેટ થશે. યાત્રાથી લાભ થશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકે છે. ધાર્મિક યાત્રા અને વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે.

કર્ક : નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. જ્ઞાન, શિક્ષણ સંબંધી સામાજિક કાર્યોમાં ધન ખર્ચ થશે. અત્યંત ઉપલબ્ધિ કારક સમય છે. કૌટુંબિક કાર્યો માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ.

સિંહ : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તન થઈ શકે છે. પ્રતિષ્ઠિત વ્યક્તિઓથી સંબંધોમાં ઘનિષ્ઠતા આવશે જેનો લાભ ભવિષ્યમાં થશે. ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે.

કન્યા : શુભ માંગલિક કાર્યોનો યોગ બની રહ્યો છે. ચૈતૃક આર્થિક સ્થિતિમાં લાભનો યોગ. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. વિવાદિક વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર-વિમર્શ થવાની શકયતાઓ છે.

તુલા : શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધપૂર્ણ કાર્યોમાં સમય પસાર થશે. ભવન, વાહન, પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા વગેરેનો યોગ બની રહ્યો છે. આર્થિક કાર્યો અંગે સામાન્ય હેરાનગતિ થઈ શકે છે. પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે.

વૃશ્ચિક : પદ. મકાન, વાહન સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ યોગ બની રહ્યો છે. ઉચ્ચસ્તરીય વાહન સુખ પ્રાપ્તિનો યોગ. શિક્ષણ સંબંધી કાર્યો અંગે માનસિક બેચેની રહેશે. આર્થિક ક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યથી વ્યાપાર- વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો.

ધન : ધાર્મિક આયોજનોમાં ભાગ લેશો. ભૌતિક સુખ પ્રાપ્તિ થશે. વિદ્યાર્થીઓનું મન ભણવામાં લાગશે. આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિનો યોગ.

મકર : રાજકીય સ્ત્રોતોથી ધન પ્રાપ્તિ થઈ શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિ થવાની સંભાવના છે. કુટુંબમાં શુભ માંગલિક કાર્યો માટે ચર્ચા-વિચારણા થશે.

કુંભ : કર્મક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્ય સફળતા પ્રદાન કરશે, ધર્મ આધ્યાત્મ સંબંધી વિશિષ્ટ સંશોધ કાર્ય પૂર્ણ થશે. રોજગાર સંબંધઈ કાર્યોમાં લાભ થશે.

મીન : માનસિક સંયમનું પાલન કરવું. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા- પ્રવાસનો યોગ પ્રબળ બની રહ્યો છે. આર્થિક વિવાદોમાં વિશેષ કાર્ય થશે.

ચિરવિદાય

● સ્વ.નારાયણભાઈ ઠાકરભાઈ પ્રજાપતિ (ઉ.વ.૮૫)પ્લોટ નં. ૪૨૨/૧, સેકટર-૨૨, ગાંધીનગર.
● સ્વ.નીરૂબેન પંકજકુમાર પંડ્યા (ઉ.વ. ૬૪)પ્લોટ નં. ૨૭૯/૨, સેકટર-૭/એ, ગાંધીનગર.
● સ્વ.કિરીટભાઈ કાંતિલાલ દરજી(ઉ.વ. ૫૮)પ્લોટ નં. ૮૫/૨, સેકટર-૧૪, ગાંધીનગર.